## હવે, તો સર્પ બદલે માનવી ખુદ દંશ મારે છે, શું કુદરતનાય સર્જનમાં પરિવર્તન થવા લાગ્યું ?

સમયનું ઘટના ચક્ર અવિરતપણે ચાલ્યા કરે છે, ક્ષણ, સેકન્ડ, મિનિટ, કલાક, દિવસો અને વર્ષો પસાર થતા જ ગયા અને જમાનાની તાસીર બદલાતી રહી, મુલ્યો બદલાયા, નિયમ પણ બદલાઈ, સામાજિક માળખાં બદલાયા અને સમાજની રસમો પણ બદલાઈ. ઉંમરલાયક દીકરી માટે યોગ્ય મુરતીયાની શોધમાં બાપને નેવાના પાણી મોભે ચઢાવવા જેવું આકરું થઈ પડ્યું. પણ હવે પવનની રૂખ બદલાઈ છે. સામાજિક હવામાનો વર્તારો એવું જણાવે છે બની જાય છે. હવે સમાજમાં કલ્પી પણ ન શકાય. તેવા બનાવો અને ન ધારેલી સમસ્યાઓ પ્રશ્નાર્થ બનીને આપણી સન્મુખ ઉભી રહે છે અને આપણે કિંકર્તવ્યમુઢ બની જઈએ છીએ. પાટનગરની જ એક સત્ય ઘટના રૂવાડા ખડા કરી દે તેવી છે. એક ગ્રેજ્યુએટ યુવતી મનપસંદ યુવક સાથે લગ્ન કરે છે. યુવતીને શરૂઆતથી જ એક પ્રકારની ધુન કે આપણે જુદા રહીએ અને જીંદગીને માણીએ. આ યુવક મા-બાપનો એકનો એક દિકરો છે. તેને મા પ્રત્યે ખૂબ લાગણી હતી તેથી જુદા રહેવું શક્ય નથી. તેવું સ્પષ્ટપણે યુવકે જણાવી દીધું. યુવતીને થયું મારું ધાર્યું નહિ થયા પણ આનો કોઈ ઉકેલ લાવવો જ પડે. એક દિવસ વહુને મોકો મળે છે ઘરમાં સાસુ-વહુ એકલા હતા. વહુએ પોતાના ભણતરનો ઉપયોગ કર્યો. સાસુમા બાથરૂમમાં સ્નાન કરે છે. વહુએ રસોડાના બારી, બારણાં બંધ કરી ગેસના સિલિન્ડરનું બટન ખોલી નાખ્યું અને વહુ રસોડાની બહાર નીકળી ગઈ. બારણું બહારથી બંધ કર્યું. સાસુમાનો નિત્યક્રમ કે બાથરૂમમાંથી સ્નાન કરી કપડાં બદલી રસોડામાં આવે અને સૌ પ્રથમ ભગવાનનો દીવો કરે.. આજે આમ કરવા જાય તો ગેસ લીક થવાને કારણે રસોડામાં આગ લાગે અને સાસુમા ઘરમાં જ સળગી મરે તે બહાર નીકળી ન શકે કારણ કે બારણું બહારથી બંધ હતું. સાસુમાનો કાંટો કાઢી નાખવાની કેવી હોંશિયારી પૂર્વકની ચાલ ? ગ્રેજ્યુએટ થયા પછી જ્ઞાનનો તો ઉપયોગ કરવો જ પડેને ? પણ સાસુમાને કુદરતે બચાવી લીધા. એની ચર્ચા કરતા નથી. વહુનો પ્લાન નિષ્ફળ ગયો. કહેવાનો મતલબ એટલો કે આધુનિક યૌવનનું આ પ્રકારનું માનસ સમાજને ક્યાં લઈ જશે ?

એક બીજો નાનકડો પ્રસંગ... એક આશાસ્પદ યુવાન જીંદગીના અરમાનો સાકાર કરવા પોતાની મનપસંદ સુંદર કન્યા સાથે લગ્નગ્રંથીથી જોડાય છે. પરણ્યાની પ્રથમ રાત્રે જ યુવતી યુવકને બેધડક કહી દે છે 'ડોન્ટ ટચ મી' આ કાયા બીજાની અનામત છે. આપણા લગ્નએ મારી મજબૂરી હતી. હું તમારી પત્નીનું સ્થાન લઈ શકું તેમ નથી. પ્રથમ રાત્રિનો આ શબ્દ પ્રહાર યુવકના ધબકતા દીલ પર યાદ પ્રહાર બની રહે કે બીજું કંઈ ? સમાજમાં આવી સમસ્યાઓનો દોર શરૂ થયો છે એનો ઉકેલ કેવી રીતે લાવી શકાય તે ચિંતાનો વિષય છે. સાબરમતીમાં ઘણાં પાણી વહી ગયા.. જો કે સાબરમતી સુકાવા માંડી છે. રસહીન ધરા થૈ છે... જાણે આખી ભારતીય સંસ્કૃતિ હવે કરવટ બદલી રહી છે. સવાલ છે સામાજિક માળખાને છિન્નભિન્ન થતો બચાવવાનો. પણ કઈ રીતે થઈ શકે આ પરિવર્તન ? સમય ઝડપથી બદલાઈ રહ્યો છે. પશ્ચિમની સંસ્કૃતિના તાલે ડાન્સપાર્ટીઓ, ફ્રેન્ડઝ ડે, વેલેન્ટાઈન ડે, કોલેજ કલ્ચરમાં આવી રહેલા પરિવર્તનો મોજમસ્તી અને રંગબહારના કાર્યક્રમો, શરાબની મહેફિલો, વિગેરે સામે આંખ આડા કાન કરતા રહીશું તો આપણે નહિ બની શકીએ મોર્ડન કે નહિ જાળવી શકીએ પોતીકાપણું એક નવી જ સંસ્કૃતિનો ઉદય થશે જેમાં વડીલોએ માત્ર મુખ પ્રેક્ષક બની તમાશો જોતા રહેવું પડશે. પણ ઋષિ મુનિઓના પુણ્ય પ્રતાપે આવી વિકૃતિથી આપણે પર રહી શક્યા છીએ. પરંતુ અણસાર એવો છે કે પવનની શરૂઆત થઈ ચૂકી છે.એની સામે સાવધાનીનો આ શંખનાદ છે. શક્ય છે કે કોઈ આ બાબક સાથે સંમત ન થાય, પણ પ્રચંડ વિસ્ફોટની શરૂઆત ક્યારેક નાના ધડાકાથી થતી હોય છે. વાવાઝોડું આવવાનું હોય ત્યારે પહેલાં ઝીણી રેત કે કાગળના ટુકડા હવામાં ઉડે છે. મુશળધાર વરસાદ પહેલાં ઝરમર ઝરમર વરસાદની છાંટ પડે છે. કુદરત પ્રત્યેક અઘટિત ઘટનાઓનો પહેલાં અણસાર આપી દે છે. હવાની રૂખ નહિ પારખનારના પછી તો છાપરાં જ ઉડે છે. સમાજની ઉપરોક્ત ઘટનાઓ ચિંતા પ્રેરક, મનન કરવા લાયક અને વિચારણા માગી લે તેવી છે. આપણે એની ચિંતા નહિ કરીએ તો આધુનિક વિકૃતઓ સમાજના ચહેરાને વિકૃત બનાવી દેશે. કારણ કે હવે 'પવન'ની શરૂઆત થઈ ચૂકી છે.

-પોપટલાલ એસ. પ્રજાપતિ

# આજથી સમદર્શન આશ્રમે કુદરતી ઉપચાર, નિદાન-સારવાર કેમ્પનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦

સમદર્શન આશ્રમ, સેકટર-૧, ગાંધીનગર તથા એમ.પી.ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર-૧, ગાંધીનગરના સહયોગથી અખિલ ગુજરાત કુદરતી ઉપચાર અને યોગ મહામંડળ દ્વારા કુદરતી ઉપચાર નિદાન-સારવાર કેમ્પનું તા. ૨૧મી મે ૨૦૧૨ થી ૨૭મી મે ૨૦૧૨ દરમિયાન સમદર્શન આશ્રમ, ગાયત્રી મંદિર પાછળ, સેકટર-૧, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

સરદાર કુદરતી ઉપચાર કેન્દ્ર, બારડોલીના મુખ્ય ચિકિત્સક સેવાભાવી અને કુદરતી ઉપચારના નિષ્ણાત ડૉ. અમૃતભાઈ પટેલ તથા તેમના સહકાર્યકર્તાઓ કુદરતી સારવાર કેમ્પમાં કામગીરી બજાવી રહ્યા છે. આ કેમ્પમાં દમ, ખાંસી, વા, લકવો, કમરનો દુઃખાવો, હરસ મસા, હૃદય રોગ, તાવની બિમારી, સફેદ-લાલ પ્રદર, સ્ત્રી રોગો, પથરી,



ચામડીના રોગો-ખરજવું, દાદર, સોરાયસિસ, કિડનીના રોગો, કબજીયાત એસીડીટી, ગેસ ડાયાબિટીસ, લૉ-બીપી, ઘૂંટણનો દુઃખાવો, બસમાં બેસવાથી ઉલટી થવી જેવ કાયમી ઘર કરી ગયેલા રોગોની સંપૂર્ણ સારવાર તેમજ માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પમાં સ્ટીમબાથ, ગૌ મૂત્ર, માટી પ્રયોગ, ગરમ ઠંડુ પાણી, સૂર્યસ્નાન, શુદ્ધ દવા, કટીસ્નાન, લપેટ, એક્યુપ્રેશર, મેગ્નેટ ચિકિત્સા, મેગ્નેટ ગાદલા, મેગ્નેટ ખુરશી અને કસરતના અન્ય સાધનો અને ખોરાકનું યોગ્ય આયોજન અને ઉકાળા તથા લેમન-ટી, રોગોને અનુકૂળ પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર, યોગાસન, હળવો વ્યાયામ તેમજ હાસ્ય કસરતો કરાવવામાં આવશે.

કેમ્પમાં સવારે ૬ થી ૭.૩૦ યોગાસન, પ્રાણાયામ, ૭.૩૦ થી ૮ અમૃતપાન, લેમન ટી, ૮ થી ૧૦.૩૦ સારવાર, બપોરે ૧૦.૩૦ થી ૧૧.૩૦ આરોગ્ય વિષયક, વ્યાખ્યાન ૧૧.૩૦ થી ૪ ભોજન અને આરામ, સાંજે ૪.૩૦ થી ૬.૩૦ વ્યાખ્યાન અને પ્રશ્નોત્તરી તથા ૬.૩૦ થી ૭.૦૦ ભોજન રહેશે.

આ અંગેની વધુ વિગતો સમદર્શન આશ્રમ, ગાંધીનગરને ફોન નં. ૨૩૨૪૭૮૨૦ અથવા ડૉ. અમૃતભાઈ પટેલનો મો.નં. ૯૪૨૬૫૧૧૪૯૨ ઉપર સંપર્ક કરવાથી મળી શકશે.

# માણસામાં નવી ગેસ એજન્સી શરૂ કરવા સ્થાનિકજનોની ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાનું માણસા તાલુકાનું માણસા શહેર ૪૦ હજારથી વધુ વસ્તી ધરાવતું મથક છે. જેમાં ૨૦ હજાર જેટલા ગૃહ વપરાશના ગેસના બાટલાના ગ્રાહકો છે, માણસા ગેસ એજન્સીનો પરવાનો દિનેશ ગેસ એજન્સીને મળેલો પણ તેની સામે ફરિયાદ થતાં તેનું લાયસન્સ રદ કરાયું છે ત્યારબાદ અર્થ ગેસ એજન્સી કલોલ અને ધરતી ગેસ એજન્સી કુકરવાડાને માણસાના ગેસના બાટલાના ગ્રાહકો વહેંચીને કામગીરી સોંપાઈ હતી. તેમ છતાં હજુ સુધી સ્થાનિકજનોની ગેસના બાટલા નિયમિત મેળવવાની ફરિયાદ ટળી નથી તો માણસામાં જ નવી ગેસ એજન્સી શરૂ કરાય તો સ્થાનિકજનોની મુશ્કેલી હળવી બને!

માણસાના ધારાસભ્ય બાબુસિંહ ઠાકોરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે માણસા ગેસ એજન્સીનો પરવાનો સૌ પ્રથમ દિનેશ ગેસ એજન્સીને આપવામાં આવ્યો હતો. પરંતુ તેની સામે ફરિયાદો થતાં તેનું લાયસન્સ રદ થયું હતું. ત્યારબાદ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જુદી જુદી બે ગેસ એજન્સીઓ બદલવામાં આવી છે.અર્થ ગેસ એજન્સી કલોલને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ગેસ બાટલા વિતરણની કામગીરી સોંપી હતી પરંતુ ગ્રાહકો વધુ હોવાના કારણે અન્ય ધરતી ગેસ એજન્સી કુકરવાડા કે જે માણસાથી ૧૫ કિ.મી. દૂર આવેલું છે તેને માણસાના ગ્રાહકો આપવામાં આવ્યા છે. આ એજન્સીઓ કનેકશન લીધેલાની પાવતી તેમજ એફીડેવીટ વગેરે માગી ગામડાનાં ગ્રાહકોની મુશ્કેલી વધારે છે. એટલું જ નહીં પણ તે ગેસ એજન્સીઓ બાટલા વિતરણની કામગીરીમાં ફેઈલ જતાં તાજેતરમાં નવી ગેસ એજન્સીને કામગીરી આપવામાં આવી છે.

માણસાની પ્રજા ગેસના બાટલા બાબતે છેલ્લા છ માસ ઉપરાંતથી મુશ્કેલી અનુભવી રહી છે. તાજેતરમાં નીમાયેલી નવી એજન્સી ઉપરાંત જરૂર જણાયે કુકરવાડાના બદલે માણસા શહેરમાં જ અન્ય નવી ગેસ એજન્સી નિમણૂંક કરી આપી બાટલા વિતરણ અંગેની કામગીરી માણસા શહેરમાં જ થાય તેવું સ્થાનિકજનો ઈચ્છી રહ્યા છે.

## દહેગામનો યુવાન ૨૧ દિવસથી લાપતા

ગાંધીનગર, તા.૨૦

દહેગામ તાલુકાના ખજુરી તળાવથી નાંદોલ રોડ પર રહેતા દિનેશભાઈ રણછોડભાઈ રાઠોડ ઉ.વ. આશરે ૨૭ વર્ષ ગત ૨૯મી મે ૨૦૧૨ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ઘરેથી 'કામે જઉં છું' તેમ કહી ચાલ્યા ગયા હતા જે બે દિવસ સુધી પરત ઘરે ન આવતા ગુમ થનાર દિનેશભાઈ રાઠોડની બહેન જીતનબેન રણછોડભાઈ રાઠોડ એ દહેગામ પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી.

પોલીસ તપાસ કરતા દિનેશ રાઠોડ ભરતભાઈ લક્ષ્મણભાઈ રાઠોડની પત્ની ભાવનાબેન ની સાથે કયાંક લગ્ન કરી લગ્નજીવન ગુજારવાનું શરું કર્યું હોવાનું જાણવા મળતા પોલીસે બંનેની વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર ભાજપા મહિલા મોરચાની ટીફીન બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના જીઈબી ગાર્ડન ખાતે ગત રોજ ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાની ટીફીન બેઠક યોજાઈ હતી. જેમાં પ્રમુખ ભારતીબેન શુકલ અધ્યક્ષ સ્થાને હાજર રહ્યા હતા અને સ્વાગત પરિચય સાથે આગામી કાર્યક્રમની માહિતી આપી હતી.

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર પાલિકાના મહિલા મોરચાના પ્રમુખ ભારતીબેન શુકલના અધ્યક્ષસ્થાને તાજેતરમાં ટીફીન બેઠક યોજાઈ હતી. જેમાં મહાનગરના મહામંત્રી રણછોડભાઈ રથવી, ઉપાધ્યક્ષ મહિયત મિસ્ત્રી, વોર્ડ-ઉના પ્રમુખ મહેશભાઈ ભટ્ટ ખાસ હાજર રહ્યા હતા.

મહિલા મોરચાના પ્રમુખ દ્વારા આમંત્રિત સૌને આવકારવામાં આવ્યા હતા. મહામંત્રી ભામીનીબેને પરિચય આપી મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને આગામી કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. સમગ્ર બેઠકમાં મહિલા મોરચાની ૩૪ બહેનો હાજર રહી હતી. છેલ્લે મહામંત્રી સુમિત્રાબેને આભારવિધિ કરી હતી અને બહેનોનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર બેઠકમાં સંગઠનની બહેનો અને વોર્ડની બહેનોએ ખાસ હાજરી આપી હતી.

# નસીબદાર હોય એ દીકરી જે ને એક જ ભવમાં બે-બે માતાપિતાનો પ્રેમ મળે

## બૂચ અને જોષી પરિવારના આંખનો તારો ચેતના બૂચ ભવેભવ આવા જ માતાપિતા મળે તેવી પ્રાર્થના કરે છે



સંબંધ સજાવે જિંદગી

**થેન્ક્યુ મમ્મી-પપ્પા**

- તબસ્સુમ પઠાણ

gsrelation@yahoo.com

ગાંધીનગરના જાહેર જીવનના અગ્રણી એવા અરૂણભાઈ બૂચની દીકરી ચેતના બુચે સામાજિક સેવા અને શિક્ષણક્ષેત્રે સારી એવી નામના મેળવી છે. તેનો શ્રેય તે માતાપિતાને આપે છે. અરૂણભાઈના સેવાના ગુણોને પુરેપૂરા જીવનમાં ઉતારનાર 'ચેતના બૂચ' તેના સગા દીકરી નહિ પરંતુ દત્તક પુત્રી છે એવું કહીએ તો ઘણાને આંચકો લાગે. સગા પિતા-પુત્રી કરતાં પણ વિશેષ સ્નેહ ડોરથી બંધાયેલા અરૂણભાઈ અને ચેતના બૂચની ગણના આદર્શ પિતા-પુત્રીની જોડીમાં થાય છે. કેવી રીતે ચેતના જોષી ચેતના બૂચ બન્યા તેની વાત જાણવી અને તેમને આ સ્થાને પહોંચાડવામાં પાલક માતાપિતાએ કેવો રૉલ ભજવ્યો તે જાણી આપણે સંબંધોની એક નવી પરિભાષા સમજી શકીશું.

વાત માંડતા ચેતના બૂચ કહે છે કે, વર્ષો અગાઉ હું મારા પરિવાર સાથે સેકટર-૧૬માં સરકારી વસાહતમાં રહેતી. દર સોમવારે મહાદેવની પૂજા કરવા બીલીપત્રની જરૂર પડતી. ત્યારે નજીકમાં જ રહેતા બૂચ દંપતિ અરૂણભાઈ અને જયોત્સનાબેનના ઘરે પહોંચી જતી. આ પ્રેમાળ દંપતિને ત્યાંની અવરજવર આજીવન અતુટ સંબંધ બની રહેશે તેવી ઈશ્વરની જ ઈચ્છા હશે તેમ અમારો સંબંધ વિકસતો ગયો. અમારો જોષી પરિવાર સંયુક્ત પરિવાર. પરીક્ષા વખતે વાંચવામાં સરળતા રહે તે માટે નોકરીએ જતાં પહેલાં આ દંપતી ઘરની ચાવી અમારે ત્યાં આપી જતા. હું આખો દિવસ તેમના ઘરે રહેતી, વાંચતી અને સાંજે માસી આવે તે પછી ઘરની રસોઈમાં મદદ કરી, જમીને જ પાછી ઘરે જતી. આ ક્રમ ખુબ લાંબો એટલે કે, લગભગ ત્રણ-ચાર વર્ષ ચાલ્યો. આ દરમિયાન અમારી વચ્ચેની સ્નેહની ગાંઠ એવી મજબૂત બની કે અમને એકબીજા વગર ચાલે જ નહીં.

કૃષ્ણ માટે જેમ મથુરા અને ગોકુળ એક સરીખા ઘર હતા, તેમ ચેતનાબેન માટે જોષી પરિવાર અને બૂચ પરિવાર એક સમાન સ્નેહાળ કુટુંબ બની ગયા. તે પછી ચેતનાબેનના જન્મદાતા માતાપિતા કૈલાશબેન અને પિતા રમેશચંદ્ર જોષી પરિવાર સાથે સેકટર-૨૨માં રહેવા આવ્યા ત્યારે બૂચ દંપતિ ને એકલતા સાલવા માંડી અને તેઓ જોષી પરિવારને સમજાવી તેમની 'ચકી' એટલે કે ચેતના ને પોતાની સાથે રહેવા લઈ આવ્યા. તે પછી તો અરૂણભાઈ અને જયોત્સનાબેને ચેતનાને કાયદેસર દત્તક લઈ દીકરી જ બનાવી દીધી.

ચેતના બૂચ કહે છે કે હું ખુબ ભાગ્યશાળી છું કે, મને બે-બે માતાપિતાનો પ્રેમ મળ્યો. હું ઉછરી જોષી કુટુંબમાં પરંતુ મારા વ્યક્તિત્વનો વિકાસ તો બૂચ કુટુંબમાં જ થયો. મારા પપ્પા અને મમ્મીએ મને ખુબ પ્રેમ, સાથ-સહકાર આપ્યો છે. હું મારા જન્મદાતા માતા-પિતા અને ભાઈ-બહેનોને ભૂલી નથી ગઈ, પરંતુ એટલું ચોક્કસ છે કે, મને તેમની ખોટ પણ સાલતી નથી. બૂચ કુટુંબના બધા જ સભ્યોએ મને હૃદયની અપનાવી છે અને ખુબ પ્રેમ આપ્યો છે. દરેક નાની-નાની વાતમાં મારો મત ચોક્કસ લેવાય છે. તેવી જ રીતે જોષી પરિવારના દરેક નિર્ણયમાં મને સામેલ ન કરાય તેવું તો બન્યું જ નથી. છેલ્લા કેટલાક દિવસોથી જોષી પરિવારના ઘરનું રીનૉવૅશન ચાલી રહ્યું છે. એટલે મારા જન્મદાતા માતા-પિતા પણ અમારી સાથે એટલે કે, બૂચ પરિવાર સાથે રહેવા સેકટર-૧૯ના ઘરે આવ્યા છે. બંને મમ્મીઓ મને હથેળી પર રાખે છે. આ સમય કદાચ મારા જીવનનો શ્રેષ્ઠ સમય છે.'

છેલ્લા ઘણા વર્ષોથી ચેતનાબેન સામાજિક અને શૈક્ષણિક સેવા ક્ષેત્રે ઘણા વ્યસ્ત રહે છે. તેમની આ પ્રવૃત્તિ અંગે તેઓ કહે છે કે, સમાજસેવા ક્ષેત્રે મને આંગળી પકડીને લઈ જનાર મારા પપ્પા અરૂણભાઈ જ છે. જો હું તેમની સાથે ન હોત તો કદાચ સામાન્ય શિક્ષિકા બનીને રહી ગઈ હોત. સમાજસેવા તરફથી મારી દૃષ્ટિ વિકસી જ ન હોત. હું એટલું કહી શકું છું કે ગાંધીનગરમાં મારી જે કાંઈ ઓળખાણ બની છે તેની પાછળ પપ્પા જ છે. કયારે શું બોલવું, કોની સાથે કેવી રીતે વાત કરવી, કયારે મુસદી બનવું, ગુસ્સા પર કાબૂ રાખવો જેવી બાબતો અંગે પપ્પાએ મને ખૂબ ધીરજથી સમજણ આપી છે. આ વાતોને મારા વ્યક્તિત્વ સાથે ગૂંથી લેવાની તાલીમ મને અહીં જ મળી છે.

મારામાં તેમણે જે વિશ્વાસ મુક્યો છે તે અનન્ય છે. મને ગાડી ચલાવતા ન આવડતી તે વખતે ય તેમણે મારા હાથમાં ગાડીની ચાવી એટલી વિશ્વાસ પૂર્વક મુકી હતી કે તેમને જાણે જાણ હોય કે, મારા 'ચકીબેન' પહેલી વખત એકલા ગાડી ચલાવતા પણ જરાય નથી ડરે. મે તેમનો આ વિશ્વાસ સાચો ઠેરવી પહેલી વખત જ ગાડીનું સ્ટીયરીંગ હાથમાં લઈ એકલી જ ગાડી છેક ચિલોડા સુધી લઈ ગઈ હતી અને આંટો મારી આવી હતી. મારા પપ્પાની જેમ જ મમ્મી જયોત્સનાબેને મને ખુબ લાડ લડાવ્યા છે. સ્કૂલથી આવતા ગમે તેટલું મોડું થયું હોય મમ્મી હંમેશા ગરમ રોટલી જ બનાવી આપે. ઘરે આવતા જો સ્હેજ મોડું થાય તો ચિંતામાં મમ્મી ઘરની બહાર આંટાફેરા મારવાનું શરૂ કરી દે. તેમણે મને ખુબ સ્વતંત્રતા આપી છે સાથે જ એટલી સમજણ પણ આપી છે કે હું સ્વચ્છંદ ન બનું. જોષી અને બૂચ પરિવારના સભ્યો જયારે મળે છે ત્યારે એક વાત તેઓ ચોક્કસ કહે છે કે 'ચેતના હીરો તો હતી જ પરંતુ હીરા પર પહેલ તો અરૂણભાઈ અને જયોત્સનાબેને પાડ્યા છે.'



# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮

સૂર્યાસ્ત : ૦૭.૧૭

### તાપમાન

મહત્તમ : ૪૧.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૨૫ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસફુલ- ૨ : ૧૦.૦૦

ઈશકઝાદ : ૧.૦૦, ૩.૪૫, ૧૦.૧૫

છોટા ભીમ : ૬.૩૦, ૮.૧૫

જન્નત ૨ : ૮.૦૦

**સ્ક્રીન-૩ :** છોટા ભીમ : ૧૦.૦૦

જન્નત ૨ : ૧૨.૦૦, ૧૦.૧૫

વીકી ડોનર : ૨.૩૦

હાઉસફુલ- ૨ : ૪.૪૫

ઈશકઝાદે : ૭.૪૫

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

છોટા ભીમ : ૧.૧૫, ૫.૪૫ -

ધ એવેન્જર (હિન્દી) : ૩.૦૦

**સ્ક્રીન-૨ :** ડિપાર્ટમેન્ટ : ૯.૩૦,૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦

**સ્ક્રીન-૩ :** જન્નત -૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૦૦

ડિપાર્ટમેન્ટ : ૪.૩૦ - ડેનજર્સ ઈશ્ક ૨ડી : ૭.૩૦

**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સૂર્યા, વાવોલ**

મર મીટેંગે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાચુ સુખ ગુજરાતનું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. વેપારક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. નોકરી- વ્યવસાયમાં ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા પ્રવાસનો યોગ.

**વૃષભ :** કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. સમયનો સદુઉપયોગ આકાંક્ષાઓની પૂર્તિ થતી જણાય. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સામાજિક, માંગલિક કાર્યોમાં ભાગ લેશો.

**મિથુન :** કોર્ટ- કચેરીના કેસોમાં ઉકેલ આવતો જણાય. વિદ્યાર્થી પોતાના મહેનતથી આગળ વધશે. વ્યાપાર- વ્યવસાયમાં વૃદ્ધિના થઈ શકે છે. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી.

**કર્ક :** સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત મળી શકે છે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં સફળતા પ્રાપ્ત મેળવી શકશો.

**સિંહ :** ધાર્મિક કાર્યો તરફ તમારી આસ્થામાં વધારો થશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલ લાવવો હિતકારી રહેશે.

**કન્યા :** નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બને છે. પ્રેમ સંબંધોમાં સફળતા મેળવી શકશો. કુટુંબમાં શાંતિનું વાતાવરણ બની રહેશે. માન- સન્માન પ્રાપ્ત થશે.

**તુલા :** પદ- પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વધારો થઈ શકે છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થઈ શકે છે. કલાત્મક કાર્યમાં સફળતા મળી શકે છે.

**વૃશ્ચિક :** આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન થઈ શકે છે. કુટુંબમાં માંગલિક કાર્ય થઈ શકે છે. આવક કરતાં ખર્ચ વધી ન જાય તેની કાળજી રાખવી.

**ધન :** માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

**મકર :** તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ વિચાર વિર્મશ થઈ શકે છે. જીવનમાં નિરાશાનો આભાસ થતો જણાય.

**કુંભ :** નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્ર વિકસિત થશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ બની રહે.

**મીન :** માંગલિક કાર્યની રૂપરેખા તૈયાર થઈ શકે છે. દૈનિક વ્યાપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

### ચિરવિદાય

- સ્વ મનુભાઈ બળદેવભાઈ પટેલ (ઉ.વ.૬૪) પ્લોટ નં. ૮૭૭, શિવશક્તિ સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ રતનબેન ચીમનલાલ પરમાર (ઉ.વ. ૭૫) કૃષ્ણનગર, મુ.પો. રાંધેજા તા., જિ. ગાંધીનગર

## કલોલ તાલુકામાં કૃષિ મહોત્સવની સાથે સાથે આરોગ્યના સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા પ્રચાર અભિયાન

ગાંધીનગર, તા.૨૦

કલોક તાલુકામાં કૃષિ મહોત્સવ કાર્યક્રમ દરમ્યાન જુદા જુદા ગામોમાં કૃષિરથ શિબિરમાં બ્લોક હેલ્થ કચેરી કલોલ દ્વારા મોજે વેડા, કાંઠા, ઘમાસણા ગામે સાંસ્કૃતિક કાર્યક્રમમાં બેટી વધાવો નાટક યોજવામાં આવેલ હતા. બેટી વધાવો કાર્યક્રમમાં જનની સુરક્ષા, ચિરંજીવી, બાલસખા, જનની શીશુ સુરક્ષા, કસ્તુરબા, પોષણ સહાય યોજના, આર. એસ.બી.વાય. તેમજ ૧૦૮ યોજનાની કૃષિ મહોત્સવના લાભાર્થીઓને આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમ સાથોસાથ મમતા ડે માતા-બાળ સ્વાસ્થ્ય, બેટી વધાવો કાર્યક્રમ અંગે હેલ્થ ઓફિસર ડૉ. દિનેશભાઈ બારોટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર બી.આઈ.સી.ઓ દ્વારા જાણકારી આપવામાં આવેલ હતી. ૨૮૫ ડાયાબીટીસના ટેસ્ટ કરી સલાહ આપવામાં આવેલ હતી.

## કચ્છના ખેડૂતે મોટા કદના તડબુચના ઉત્પાદનથી રાજ્યપાલશ્રી ડૉ.શ્રીમતી કમલાજી બેનીવાલને જાણકારી આપી

કચ્છ જિલ્લાના સરસી ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી જાદવજી દેવરાજ રાબડિયા દ્વારા જૈવિક ખાતરના ઉપયોગથી તડબુચના ઉત્પાદનમાં મોટા કદના બને છે. તે પ્રયાસોને ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ બિરદાવ્યા હતા. શ્રી રાબડિયાએ રાજભવન ખાતે રાજ્યપાલની મુલાકાત લઈ ૧૨ કિલો ગ્રામના મોટાકદના તડબુચનું ઉત્પાદન મેળવવાની સફળતા હાંસલ કરી તેની જાણકારી આપી હતી.